PART- A

1. એક વ્યક્તિ ૫ કિમી ઉત્તર તરફ ચાલે છે, પછી જમણે વળે છે અને ૩ કિમી ચાલે છે. પછી તે ફરીથી જમણે વળે છે અને ૫ કિમી ચાલે છે. હવે તે શરૂઆતના બિંદુથી ક્યાં છે?

(A) 3 કિમી પૂર્વ

(B) 5 કિમી પશ્ચિમ

(C) 5 કિમી પૂર્વ

(D) 3 કિમી પશ્ચિમ

2. ચાર મિત્રો - A, B, C અને D - એક લાઈનમાં બેઠા છે. A, B ની જમણી બાજુ અને D ની ડાબી બાજુ છે. C જમણા છેડે છે. ડાબી બાજુથી બીજા સ્થાને કોણ બેઠું છે?

(A) D (B) C

(C) B (D) A

3. એક સ્ત્રી તરફ આંગળી ચીંધીને, એક પુરુષ કહે છે, "તે સ્ત્રી મારી દાદીના એકમાત્ર દીકરાની દીકરી છે." તો એ સ્ત્રી, આવું કહી રહેલા પુરુષની શું થાય?

(A) પત્ની

(B) બ્હેન

(C) માતા

(D) માસી

4. આપેલ શ્રેણિમાં પ્રશ્નાર્થ ચિહ્નને સ્થાને કયો વિકલ્પ આવશે?

FGH, JKL, ? , RST, VWX

(A) MOQ (B) OPQ

(C) MNO (D) NOP

5. આપેલ શ્રેણિમાં કઈ સંખ્યા તર્કસંગત નથી?

1, 5, 9, 15, 25, 37, 49

(A) 49 (B) 37

(C) 15 (D) 25



PariksaPath · pariksapath.in

★ નીચે આપેલ પરિચ્છેદને ગ્રહણ કરી પ્રશ્ન ક્રમાંક 6થી 10ના ઉત્તરો આપો.

(6)................. શાંતિ સમગ્ર ઘરમાં હતી. એ શાંતિ ન સાંભળાઈ શકે એવી, પણ હોવાની પૂરી અનુભૂતિ આપતી હતી. હળવો પવન આવી રહ્યો હતો અને તેની સાથે (7)............ઓનો ધ્વનિ ઉદાસીની સીમાને પલોટી રહ્યો હતો. એક ક્ષણે, મન (8)................ અવસ્થામાં પ્રવેશી ગયું. ભૂતકાળની સ્મૃતિઓ હજીયે (9)................. રૂપે દિલમાં વસી હતી, પણ એ ક્ષણે તે સ્મૃતિઓનો બોજ ન અનુભવાયો. આ અનુભવને વ્યક્ત કરવા માટે શબ્દો ઓછા પડી જાય એવું લાગતું હતું — છતાં, જો કોઇ શબ્દ ચૂંટી શકાય, તો એ (10) "..................." હોત.

6. ખાલી જગ્યામાં મૂકવા માટે સાચો શબ્દ ઓળખો -

(A) અતિન્દ્રિય

(B) અતીન્દ્રિય

(C) અતીન્દ્રીય

(D) અતિન્દ્રીય

7. ખાલી જગ્યામાં મૂકવા માટે સાચો શબ્દ ઓળખો -

(A) કીકિણી

(B) કિંકિણિ

(C) કીંકીણી

(D) કિંકિણી

8. ખાલી જગ્યામાં મૂકવા માટે સાચો શબ્દ ઓળખો -

(A) નિર્બીજ

(B) નીર્બીજ

(C) નિર્બિજ

(D) નીર્બિજ

9. ખાલી જગ્યામાં મૂકવા માટે સાચો શબ્દ ઓળખો -

(A) વિભિષિકા

(B) વીભિષીકા

(C) વિભીષિકા

(D) વીભીષિકા



PariksaPath · pariksapath.in

10. ખાલી જગ્યામાં મૂકવા માટે સાચો શબ્દ ઓળખો -

(A) સુશ્લિષ્ટ (B) શુસ્લિષ્ટ

(C) સુષ્લિસ્ટ (D) શુશ્લિસ્ટ

11. જો સારંગી = સિતાર, તો વેણુ = ?

(A) તબલાં

(B) તાનપુરો

(C) મૃદંગ

(D) રણશિંગુ

12. નીચે પૈકી કયો વિકલ્પ આપેલ જૂથમાં તાર્કિક રીતે બંધબેસતો નથી?

(A) ગ (B) મ

(C) પ (D) ખ

13. આપેલ શ્રેણિમાં પ્રશ્નાર્થ ચિહ્નને સ્થાને કઈ સંખ્યા આવશે?

0, 6, 24, 60, 120, 210, ?

(A) 240 (B) 290

(C) 336 (D) 540

14. HUMISTON = JWOKUVQP, તો ? = HNQTKPWU

(A) GUNFLORI

(B) FLORINUS

(C) INSURFLO

(D) FOSINFUL

15. આપેલ શ્રેણિમાં પ્રશ્નાર્થ ચિહ્નને સ્થાને કઈ સંખ્યા આવશે?

45, 48, 51, 21, 24, 27 ,?, 12, 15

(A) 11

(B) 09

(C) 17

(D) 07



PariksaPath · pariksapath.in

★ નીચે આપેલ પરિચ્છેદને ગ્રહણ કરી પ્રશ્ન ક્રમાંક 16થી 20ના ઉત્તરો આપો.

પરંપરાગત જ્ઞાનપ્રણાલિઓ અને આધુનિક વૈજ્ઞાનિક ચિંતન વચ્ચેનો સંવાદ આજના યુગની સૌથી રસપ્રદ અને મહત્ત્વની ચર્ચા છે. એક તરફ આદિ કાળથી ચાલતી સૂક્ષ્મ તત્ત્વચિંતન ધરાવતી દાર્શનિક પદ્ધતિઓ છે, તો બીજી તરફ આધુનિક પ્રયોગશીલતા આધારિત વિકસેલું વૈજ્ઞાનિક મોડલ છે. પરંપરાગત દૃષ્ટિ એ બધાને એક સર્વવ્યાપી તત્ત્વના રૂપમાં જુએ છે, જ્યારે વૈજ્ઞાનિક દૃષ્ટિ વિશ્લેષણાત્મક છે — એ તત્ત્વોને વિખેરીને જુદાં ભાગોમાં વિભાજિત કરીને સમજવાનો પ્રયાસ કરે છે. આ બંને દૃષ્ટિઓ સત્યની શોધ કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ તેમના માર્ગ અને પરિપ્રેક્ષ્ય જુદાં છે. જોકે, આ બંને વચ્ચે સંવાદ થવો અનિવાર્ય છે, કારણ કે કોઈ પણ એકમાત્ર દૃષ્ટિ સંપૂર્ણ સત્ય સુધી પહોંચી શકે તેમ નથી. એટલે જ આજે વૈજ્ઞાનિકો અને તત્ત્વચિંતકો બંને એકબીજાની ભાષા સમજવાનો પ્રયાસ કરી રહ્યા છે — એક "વૈજ્ઞાનિક આધ્યાત્મ"નું બીજ સમાજમાં રોપાઈ રહ્યું છે.

16. પરંપરાગત (પ્રથમ) અને વૈજ્ઞાનિક (બીજી) દૃષ્ટિ વચ્ચેનો મુખ્ય તફાવત શું છે?

(A) પ્રથમ શ્રદ્ધા પર આધારિત છે, બીજી શંકા પર...

(B) પ્રથમ વ્યાખ્યા આપે છે, બીજી નકારી દે છે...

(C) પ્રથમ તત્ત્વમાં માને છે, બીજી વિશ્લેષણ કરે છે...

(D) પ્રથમ અર્થહીન છે, બીજી અણુ પર આધારિત છે...

17. પરંપરાગત અને વૈજ્ઞાનિક ઢબે જીવનને સમજવાની પધ્ધતિઓ એકબીજાની સરખામણીએ કેવી છે?

(A) વિવાદાસ્પદ

(B) સમાન

(C) વિરોધી

(D) આગવી

18. પરંપરાગત અને વૈજ્ઞાનિક પધ્ધતિઓ વચ્ચે સંવાદ થવો શા માટે જરૂરી છે?

(A) પૂર્ણ સત્ય સુધી પહોંચવા માટે

(B) વિવાદો અટકાવવા માટે

(C) વિસંવાદને ઘટાડવા માટે

(D) ઉપર પૈકી એકપણ નહીં



PariksaPath · pariksapath.in

19. "વૈજ્ઞાનિક આધ્યાત્મ" શબ્દગુચ્છથી શું સૂચવાય છે?
    (A) બંને પધ્ધિતઓની વિરોધાવસ્થા
    (B) બંને પધ્ધતિઓનું એકીકરણ
    (C) બંને પધ્ધતિઓનું ઉમેરણ
    (D) બંને પધ્ધતિઓનો અસ્વીકાર

20. કયું વાક્ય પરિચ્છેદના ભાવને સમર્થન આપે છે?
    (A) જીવનનું સત્ય પામવા માટે સંવાદ જરૂરી નથી.
    (B) જીવનનું સત્ય પામવા માટે ભિન્ન પધ્ધતિઓ છે.
    (C) જીવનના સત્યને પામવા માટે માત્ર એને વિઘટિત કરવું પડે.
    (D) જીવનના સત્યને પામવા માટે માત્ર ચિંતન કરવું પડે.

21. પાંચ વિદ્યાર્થીઓ નેહા, કિરણ, રિયા, સોહન અને અમિતનું પરિણામ આ પ્રમાણે છે.
    • નેહાએ કિરણ કરતાં વધુ ગુણ મેળવ્યા પણ રિયા કરતા ઓછાં.
    • સોહને રિયા કરતાં વધુ ગુણ મેળવ્યા.
    • અમિતે કિરણ કરતાં ઓછાં ગુણ મેળવ્યા.
    પાંચેનાં પરિણામને ઊતરતાં (Descending) ક્રમમાં ગોઠવો.
    (A) સોહન – નેહા – કિરણ – અમિત – રિયા
    (B) સોહન – રિયા – નેહા – કિરણ – અમિત
    (C) સોહન – રિયા – અમિત – કિરણ – નેહા
    (D) રિયા – સોહન – કિરણ – નેહા – અમિત

22. મોકાસદાર = 80, તો જરવાળિયું = ?

| | |
|---|---|
| (A) 70 | (B) 60 |
| (C) 50 | (D) 90 |

23. વેજિટેરિયન = YEGWVP, તો ગડમથલ = ?
    (A) AKCOY
    (B) ALVNX
    (C) AIUMX
    (D) AJWPF



PariksaPath · pariksapath.in

24. આપેલ શ્રેણિમાં પ્રશ્નાર્થ ચિહ્નને સ્થાને કયો વિકલ્પ આવશે?

છઝ, ? , તદ, નફ

(A) ઠઢ

(B) ડટ

(C) ઢઠ

(D) ઠડ

25. એક ચોરસ કાગળને અડધો ઊભો વાળવામાં આવે છે, પછી અડધો આડો વાળવામાં આવે છે. હવે એ વાળેલા કાગળની બરાબર મધ્યમાં એક વર્તુળ દોરવામાં આવે છે. ખુલેલા કાગળમાં કેટલાં વર્તુળ દેખાશે?

(A) 01

(B) 02

(C) 04

(D) 08

26. 500 અને 700ની વચ્ચેના સંપૂર્ણ વર્ગો (Perfect Square)-ની સંખ્યા કેટલી છે?

(A) 05
(B) 02
(C) 06
(D) 04

27. ગીતા 20 વર્ષની છે અને મીતા 40 વર્ષની છે. કેટલાં વર્ષ પહેલાં તેમની ઉંમરનો ગુણોત્તર 1:3 હતો?

(A) 10
(B) 12
(C) 15
(D) 08

28. $\frac{4\times16\times128}{9\times81\times243}=?$

(A) $3^{11}/2^{13}$
(B) $2^{11}/3^{13}$
(C) $2^{13}/3^{11}$
(D) $3^{13}/2^{11}$

29. 15% દ્રાવણના 16 લિટરમાં કેટલાં લિટર શુદ્ધ ફિનાઇલ હોય છે?

(A) 1.6
(B) 2.4
(C) 1.5
(D) 4.2



PariksaPath · pariksapath.in

30. એક દુકાનદારે ₹ 380માં એક એવી 75 ઢીંગલીઓ ખરીદી. તે ખર્ચેલ કુલ ખરીદ કિંમતના 15% નફો કમાવા ઇચ્છે છે. દુકાનમાં ચોરી થવાથી તે 15 ઢીંગલીઓ ગુમાવે છે. બાકી બચેલી બધી ઢીંગલીઓ તે વેચી દે છે. એણે ઇચ્છા કરી હતી તેટલો નફો અને 75 ઢીંગલીઓ માટે ખર્ચેલ કુલ ખરીદ કિંમત પણ એ મેળવી લે છે. દુકાનદારે એક ઢીંગલી કયા ભાવે વેચી હશે?

(A) 465.25

(B) 564.25

(C) 456.25

(D) 546.25

★ નીચે આપેલ વિગતોને આધારે પ્રશ્ન ક્રમાંક (31 થી 35) ના ઉત્તરો જણાવો. (રકમ લાખમાં) {Q = ક્વાટર (ત્રૈમાસિક)}

| શાખા | પ્રોડક્ટ A | પ્રોડક્ટ B | પ્રોડક્ટ C | પ્રોડક્ટ D |
|---|---|---|---|---|
| અમદાવાદ | Q1: 48, Q2: 52, Q3: 60, Q4: 55 | Q1: 30, Q2: 35, Q3: 40, Q4: 38 | Q1: 20, Q2: 25, Q3: 30, Q4: 28 | Q1: 50, Q2: 45, Q3: 55, Q4: 60 |
| સુરત | Q1: 40, Q2: 44, Q3: 47, Q4: 50 | Q1: 33, Q2: 30, Q3: 35, Q4: 38 | Q1: 25, Q2: 22, Q3: 28, Q4: 26 | Q1: 40, Q2: 42, Q3: 43, Q4: 45 |
| રાજકોટ | Q1: 35, Q2: 40, Q3: 45, Q4: 43 | Q1: 30, Q2: 32, Q3: 31, Q4: 29 | Q1: 28, Q2: 26, Q3: 30, Q4: 32 | Q1: 35, Q2: 38, Q3: 40, Q4: 42 |

31. તમામ શહેરોની તમામ પ્રોડક્ટની કુલ વાર્ષિક આવક કેટલી થઈ?

(A) 1615

(B) 1715

(C) 1815

(D) 1915

32. દરેક પ્રોડક્ટની તમામ શહેરોની મળીને કુલ વાર્ષિક આવક કેટલી થઈ?

(A) A=320, B=535, C=559, D=401

(B) A=401, B=320, C=535, D=559

(C) A=535, B=320, C=559, D=401

(D) A=559, B=401, C=320, D=535



PariksaPath · pariksapath.in

33. દરેક શહેરોની તમામ પ્રોડક્ટના વેચાણની સરેરાશ (Average) જણાવો.
(A) અમદાવાદ=167.75, સુરત=147, રાજકોટ=139
(B) અમદાવાદ=147, સુરત=167.5, રાજકોટ=139
(C) અમદાવાદ=139, સુરત=147, રાજકોટ=167.5
(D) અમદાવાદ=167.5, સુરત=139, રાજકોટ=147

34. દરેક પ્રોડક્ટની તમામ શહેરોની વેચાણની સરેરાશ (Average) જણાવો.
(A) A=186.33, B=106.66, C=178.33, D=133.33
(B) A=186.33, B=133.66, C=106.66, D=178.33
(C) A=106.66, B=178.33, C=186.33, D=133.66
(D) A=178.33, B=186.33, C=133.66, D=106.66

35. દરેક શહેરોની ચારે પ્રોડક્ટનાં થયેલાં કુલ વેચાણને ઊતરતા (Descending) ક્રમમાં ગોઠવો.
(A) અમદાવાદ, સુરત, રાજકોટ
(B) અમદાવાદ, રાજકોટ, સુરત
(C) રાજકોટ, અમદાવાદ, સુરત
(D) સુરત, રાજકોટ, અમદાવાદ

★ નીચે આપેલ પરિચ્છેદને ગ્રહણ કરી પ્રશ્ન ક્રમાંક 36 થી 40ના ઉત્તરો આપો.

આજના યુગમાં માનવનું અસ્તિત્વ માત્ર શારીરિક અને ભૌતિક પુરાવાઓથી માપી શકાય તેવી સ્થિતિમાં આવી ગયું છે. જીવનનાં મૂલ્યો, જે ક્યારેક વ્યક્તિત્વનાં કેન્દ્રસ્થાનમાં હતા, હવે વાણિજ્યિક ધોરણો હેઠળ પાંજરે પૂરી દેવામાં આવ્યાં છે. આધુનિક નાગરિક માત્ર ઉપભોક્તા તરીકે ઓળખાવાની સ્થિતિમાં છે, જ્યાં તેના વિચારો, ભાવનાઓ અને અભિપ્રાયો પણ બજાર માટેનું ઉત્પાદન બની ગયા છે. માનવીના આત્મિક પરિમાણો ભૂલાઈ ગયાં છે અને તે સામગ્રીના પદાર્થમાં વિઘટન પામી રહ્યો છે. જ્ઞાનનું સ્રોત હવે મુક્ત ચિંતન ન રહી, પરંતુ સૂચિત તથ્યોના શાબ્દિક પેકેજમાં સમાઈ ગયું છે. આવી સ્થિતિમાં મનુષ્યને પોતાના અસલી સ્વરૂપની ઓળખ માટે આંતરિક અન્વેષણ કરવાની જરૂરિયાત છે — જ્યાં મૂલ્યો, નૈતિકતા અને આધ્યાત્મિક ઉન્મુક્તિ પુનઃ એકવાર જીવનમાં સ્થાન પામે.

36. માનવીનાં જીવનકેન્દ્રમાંથી શું ખસી ગયું છે?
(A) મૂલ્યો (B) પુરાવાઓ
(C) અભિપ્રાયો (D) બજાર



PariksaPath · pariksapath.in

37. બજારની સ્થિતિ શું છે?

(A) અકળ છે.

(B) સ્થગિત છે.

(C) સંકોચાયું છે.

(D) વિસ્તરી છે.

38. માનવીનો વર્તમાન કેવો છે?

(A) એ સુખી છે.

(B) એ વિકસી રહ્યો છે.

(C) એ વિઘટન પામી રહ્યો છે.

(D) એ સંતુલન સાધી રહ્યો છે.

39. જ્ઞાનનાં ક્ષેત્ર સાથે શું બન્યું છે?

(A) સંદિગ્ધ બન્યું છે.

(B) સંકોચન પામ્યું છે.

(C) સંકુલ બન્યું છે.

(D) વ્યાપક બન્યું છે.

40. 'અન્વેષણ' એટલે શું?

(A) આત્મનિરીક્ષણ

(B) ચિંતન


(C) વિસ્મરણ

(D) શોધખોળ



PariksaPath · pariksapath.in

★ એક કૉલેજમાં કુલ 2000 વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. નીચે આપેલ આલેખને આધારે પ્રશ્ન ક્રમાંક (41થી 45) ના ઉત્તરો જણાવો.




41. દરેક વિભાગમાં કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે?

(A) વિજ્ઞાન=500 વાણિજ્ય=400 કલા=600 કાયદો=200 અન્ય=300

(B) વિજ્ઞાન=500 વાણિજ્ય=400 કલા=300 કાયદો=600 અન્ય=200

(C) વિજ્ઞાન=500 વાણિજ્ય=400 કલા=200 કાયદો=300 અન્ય=600

(D) વિજ્ઞાન=500 વાણિજ્ય=400 કલા=600 કાયદો=300 અન્ય=200

42. વિજ્ઞાનમાં 40%, વાણિજ્યમાં 60%, કલામાં 85% , કાયદોમાં 55% અને અન્યમાં 25% મહિલા વિદ્યાર્થીઓ છે. વિભાગ દીઠ આ મહિલા વિદ્યાર્થીનીઓની સંખ્યા જણાવો.

(A) વિજ્ઞાન=200 વાણિજ્ય=240 કલા=165 કાયદો=510 અન્ય=50

(B) વિજ્ઞાન=200 વાણિજ્ય=240 કલા=510 કાયદો=165 અન્ય=50

(C) વિજ્ઞાન=200 વાણિજ્ય=240 કલા=510 કાયદો=50 અન્ય=165

(D) વિજ્ઞાન=200 વાણિજ્ય=240 કલા=50 કાયદો=165 અન્ય=510



PariksaPath · pariksapath.in

43. પાંચે વિભાગમાં પુરુષ વિદ્યાર્થીઓની સંખ્યા કેટલી છે?

(A) વિજ્ઞાન=300 વાણિજ્ય=160 કલા=90 કાયદો=135 અન્ય=150

(B) વિજ્ઞાન=300 વાણિજ્ય=160 કલા=90 કાયદો=150 અન્ય=135

(C) વિજ્ઞાન=300 વાણિજ્ય=160 કલા=135 કાયદો=90 અન્ય=150

(D) વિજ્ઞાન=300 વાણિજ્ય=160 કલા=150 કાયદો=135 અન્ય=90

44. વિભાગ દીઠ મહિલા અને પુરષ વિદ્યાર્થીઓનો ગુણોત્તર જણાવો.

(A) વિજ્ઞાન = 2:3, વાણિજ્ય = 3:2, કલા = 1:3, કાયદો = 11:9, અન્ય = 17:3

(B) વિજ્ઞાન = 2:3, વાણિજ્ય = 3:2, કલા = 17:3, કાયદો = 1:3, અન્ય = 11:9

(C) વિજ્ઞાન = 2:3, વાણિજ્ય = 3:2, કલા = 17:3, કાયદો = 11:9, અન્ય = 1:3

(D) વિજ્ઞાન = 2:3, વાણિજ્ય = 3:2, કલા = 11:9, કાયદો = 17:3, અન્ય = 1:3

45. દરેક વિભાગમાં પરીક્ષાનું પરિણામ નીચે મુજબ આવેલ છે-

પાસ : 45%, નાપાસ : 35%, એ.ટી.કે.ટી. : 20%

વિજ્ઞાનમાં પાસ, વાણિજ્યમાં નાપાસ, કલામાં એ.ટી.કે.ટી., કાયદોમાં પાસ અને અન્યમાં નાપાસની સંખ્યા જણાવો.

(A) 225, 140, 120, 70, 135

(B) 225, 140, 135, 70, 120

(C) 225, 140, 70, 120, 135

(D) 225, 140, 120, 135, 70

46. 450ના 58% – 250ના ?% = 181

(A) 30

(B) 32

(C) 34

(D) 36

47. A ની આવક B ના 60% છે, અને B ની આવક C ના 80% છે. C ના ટકાવારી તરીકે A ની આવક કેટલી છે?

(A) 52%

(B) 50%

(C) 46%

(D) 48%

48. સાદા વ્યાજે 8 વર્ષમાં પૈસા બમણાં થાય છે. કેટલાં વર્ષમાં તે મૂળ રકમના 5 ગણા થશે?

(A) 32

(B) 30

(C) 28

(D) 26



PariksaPath · pariksapath.in

49. એક વિમાન 600 કિમી/કલાકની ઝડપે ઉડી રહ્યું છે. તે સવારે 10.00 વાગ્યે ઉડાન ભરે છે, 11.30 વાગ્યે 1 કલાકનો વિરામ લે છે, અને પછી ફરી ઉડાન ભરી બપોરે 2.00 વાગ્યે તેના ગંતવ્ય સ્થાને પહોંચે છે. જો વિમાનની ઝડપમાં કોઈ ફેરફાર ન થયો હોય તો વિમાને કેટલું અંતર કાપ્યું હશે?

(A) 2400 કિમી

(B) 1600 કિમી

(C) 1800 કિમી

(D) 2100 કિમી

50. $(13)^3 \times (8)^3 \div 32 = ?$


(A) 35162

(B) 35152

(C) 35142

(D) 35122

★ એક શહેરમાં થયેલ વરસાદની વિગતો નીચે આપેલ છે. આલેખને આધારે પ્રશ્ન ક્રમાંક (51 થી 55) ના ઉત્તરો જણાવો.




51. જો વર્ષના પ્રથમ છ મહિનાનો (જાન્યુઆરીથી જૂન) સરેરાશ વરસાદ 3 સે.મી. ગણવામાં આવે તો જૂનમાં ઓછામાં ઓછો કેટલો વરસાદ શક્ય છે?

(A) 0 સે.મી.

(B) 0.5 સે.મી.

(C) 1 સે.મી.

(D) 1.5 સે.મી.



PariksaPath · pariksapath.in

52. પ્રથમ પાંચ મહિનાનો (જાન્યુઆરીથી મે) સરેરાશ માસિક વરસાદ કેટલો છે?

(A) 3.4 સે.મી. (B) 2 સે.મી.

(C) 1.5 સે.મી. (D) 5 સે.મી.

53. પ્રથમ પાંચ મહિનામાં (જાન્યુઆરીથી મે) સૌથી સૂકા મહિનાથી સૌથી ભીના મહિના સુધી વરસાદમાં કેટલા ટકાનો વધારો થયો છે?

(A) 150% (B) 1500%

(C) 1.5% (D) 15%

54. હવામાન ખાતાની આગાહી મુજબ આગામી ત્રણ મહિનાઓ (જૂન, જુલાઈ, ઑગષ્ટ) વરસાદ પ્રથમ પાંચ મહિનાના (જાન્યુઆરીથી મે) કુલ વરસાદ કરતાં 25% વધારે હોય, તો વર્ષના પ્રથમ આઠ મહિનાનો (જાન્યુઆરીથી ઑગષ્ટ) સંયુક્ત વરસાદ કેટલો થશે?

(A) 17 સે.મી. (B) 04.25 સે.મી.

(C) 21.25 સે.મી. (D) 38.25 સે.મી.

55. પ્રથમ પાંચ મહિનામાં (જાન્યુઆરીથી મે) થયેલા વરસાદની સરેરાશ કરતા ઓછો વરસાદ થયો હોય તેવા આલેખમાં આપેલા મહિનાઓ કેટલા છે?

(A) 1 (B) 2

(C) 3 (D) 4

56. રમેશે 28000થી ધંધો શરૂ કર્યો હતો અને ત્યારબાદ મહેશ 42000 સાથે તેની સાથે જોડાયો. જો વર્ષના અંતે નફો સમાન રીતે વહેંચવામાં આવે તો મહેશ કેટલા મહિના પછી જોડાયો?

(A) 4 (B) 8

(C) 6 (D) 2

57. પાણીથી પૂરી ભરેલી 15 ડોલથી એક ટાંકી આખી ભરાઈ જાય છે. પૂરી ભરેલી દરેક ડોલમાં 12 લિટર પાણી રહી શકે છે. જો દરેક ડોલમાં 10 લિટર જ પાણી ભરવામાં આવે તો તે જ ટાંકી ભરવા માટે કેટલી ડોલની જરૂર પડશે?

(A) 22 (B) 20

(C) 18 (D) 16

58. A અને B કામ 'X' 5 દિવસમાં કરે છે, B અને C કામ 'X' 7 દિવસમાં કરે છે, અને A અને C કામ 'X' 4 દિવસમાં કરે છે. કામ 'X' - A, B અને C - એકલા કરે તો સૌથી વધુ સમય કોણ લેશે?

(A) A (B) C

(C) B (D) અનિશ્ચિત



PariksaPath · pariksapath.in

59. એક રકમનો 12.5% વાર્ષિક દરે 2 વર્ષના ચક્રવૃદ્ધિ વ્યાજ અને સાદા વ્યાજનો તફાવત 781.25 છે. એ રકમ કેટલી હશે?

(A) 78215
(B) 500000
(C) 78125
(D) 50000

60. ખાતરની એક થેલીનું વજન 60 કિલો છે અને તેમાં 25% નાઇટ્રોજન છે. થેલીમાં કેટલાં ગ્રામ શુદ્ધ નાઇટ્રોજન છે?

(A) 1.5
(B) 1500
(C) 15
(D) 15000

61. (835421 × 625) =

(A) 522138125
(B) 522038125
(C) 522137125
(D) 522037135

62. A અને B ની સરેરાશ માસિક આવક રૂ. 6500 છે. B અને C ની સરેરાશ માસિક આવક રૂ. 7250 છે અને A અને C ની સરેરાશ માસિક આવક રૂ. 8750 છે. A ની માસિક આવક કેટલી છે?

(A) 5000
(B) 6000
(C) 7000
(D) 8000

63. ત્રણ યુવતીઓની સરેરાશ ઉંમર 42 વર્ષ છે અને તેમની ઉંમર 4:6:8 ના પ્રમાણમાં છે. સૌથી નાની યુવતીની ઉંમર શું છે?

(A) 42
(B) 28
(C) 56
(D) 38

64. D અને C એક વ્યવસાયમાં 3:2 ના ગુણોત્તરમાં રોકાણ કરે છે. જો કુલ નફાના 5% દાનમાં જાય અને D નો હિસ્સો રૂ. 969 હોય, તો કુલ નફો કેટલો હશે?

(A) 1500
(B) 1600
(C) 1700
(D) 1800

65. એક કાકાએ તેના ભત્રીજાને કહ્યું, "તારા જન્મ સમયે હું તારી વર્તમાન ઉંમર જેટલો હતો." જો કાકાની ઉંમર અત્યારે 40 વર્ષ છે, તો પાંચ વર્ષ પહેલા ભત્રીજાની ઉંમર કેટલી હતી?

(A) 15
(B) 16
(C) 18
(D) 20



PariksaPath · pariksapath.in

★ નીચે આપેલ પરિચ્છેદને ગ્રહણ કરી પ્રશ્ન ક્રમાંક 66થી 70ના ઉત્તરો આપો.

વસંતની મૌન પલકારીઓ વચ્ચે (66)............... વૃક્ષ પર (67)............. પંખી ગાઈ રહ્યું હતું. તેની આંખોમાં ભૂતકાળના અમૂલ્ય સ્મૃતિના ઝાંખા અક્ષરો તરબતર હતા. આજુબાજુ (68)...............ના છોડોએ જાણે સંવેદનાઓની દીવાદાંડી કરી હોય એમ વાતાવરણમાં મધુર તાજગી ફેલાવી હતી. (69)............... છંદ જેવો નાજુક અવિકલ જીવનલય સંભળાતો હતો — અવ્યક્ત પણ સ્પષ્ટ. યાયાવર પક્ષી (70).............. ની જેમ જાણે મારા જ કાંઠે હું હાજર. આવી ક્ષણમાં માણસ પોતાના અંદરના વિશ્વ સાથે કંઈક અભિન્ન થતો હોય છે.

66. શબ્દના અર્થને ધ્યાને લઈ યોગ્ય વિકલ્પ ઓળખો -
(A) ખલિલી
(B) શિરીષ
(C) પાનકોવો
(D) પુષ્પિતાગ્રા

67. શબ્દના અર્થને ધ્યાને લઈ યોગ્ય વિકલ્પ ઓળખો -
(A) પાનકોવો
(B) પુષ્પિતાગ્રા
(C) દિવીદિવી
(D) શિરીષ

68. શબ્દના અર્થને ધ્યાને લઈ યોગ્ય વિકલ્પ ઓળખો -
(A) પુષ્પિતાગ્રા
(B) પાનકોવો
(C) ખલિલી
(D) દિવીદિવી

69. શબ્દના અર્થને ધ્યાને લઈ યોગ્ય વિકલ્પ ઓળખો -
(A) પાનકોવો
(B) ખલિલી
(C) પુષ્પિતાગ્રા
(D) દિવીદિવી

70. શબ્દના અર્થને ધ્યાને લઈ યોગ્ય વિકલ્પ ઓળખો -
(A) ખલિલી
(B) શિરીષ
(C) પુષ્પિતાગ્રા
(D) દિવીદિવી

71. રમેશે 90000 રૂપિયામાં એક સ્કૂટર ખરીદ્યું અને રિપેર પાછળ 5000 રૂપિયા અને ટ્રાન્સપોર્ટ પાછળ 2000 રૂપિયા ખર્ચ્યા. આ સ્કૂટર તેણે મૂળ ખરીદ કિંમતના 20% નફા સાથે વેચી દીધું. તેણે સ્કૂટર કયા ભાવે વેચ્યું?
(A) 114400
(B) 116400
(C) 108000
(D) 107000



PariksaPath · pariksapath.in

72. દર એક કલાકે કારની ગતિ 3 કિમી વધે છે. જો પહેલા એક કલાકમાં 45 કિમીનું અંતર કાપવામાં આવ્યું હોય, તો 15 કલાકમાં કુલ કેટલું અંતર કાપવામાં આવ્યું?

(A) 1000 (B) 970

(C) 980 (D) 990

73. M એક કામ 16 દિવસમાં કરી શકે છે અને N એ જ કામ 24 દિવસમાં કરી શકે છે. તેઓ સાથે મળીને કામ કરે તો આખું કામ કેટલા દિવસમાં પૂર્ણ કરશે?

(A) 9.6 (B) 8.6

(C) 6.9 (D) 6.8

74. એક કાટકોણ ત્રિકોણનો બીજો એક ખૂણો 35° છે. ત્રીજા ખૂણાનું માપ કેટલું હશે?

(A) 35° (B) 45°

(C) 55° (D) 65°

75. એક આગબોટ સ્થિર પાણીમાં 15 કિમી/કલાકની ઝડપે મુસાફરી કરી શકે છે. જો પ્રવાહની ગતિ 5 કિમી/કલાક હોય, તો આગબોટને 70 કિમી વહેતા કેટલા કલાક લાગશે?

(A) 3 (B) 3.5

(C) 4 (D) 4.5

76. 132, 198, 270, 315, 396 – લ.સા.અ. (LCM) કેટલો થાય?

(A) 41580 (B) 14580

(C) 58410 (D) 58140

77. 1/0.05 = ?

(A) 1/50 (B) 02

(C) 20 (D) 2/05

78. જો X + Y = 222 અને X એ Y નો અડધો ભાગ હોય, તો X નું મૂલ્ય =

(A) 47 (B) 444

(C) 148 (D) 74

79. 67.5 મીટર લાંબા સળિયામાંથી 75 સેમી લંબાઈના કેટલા ટુકડા કાપી શકાય?

(A) 75 (B) 90

(C) 65 (D) 80

80. $\sqrt{1849} + \sqrt{4489} - \sqrt{7396}$ = ?

(A) 110 (B) 86

(C) 24 (D) 42



PariksaPath · pariksapath.in

PART- B

81. ભારતનાં નીચે પૈકી કયાં રાજ્યોમાં હાલમાં વિધાન પરિષદ છે?

(A) આસામ, તામિલનાડુ, ત્રિપુરા, ઝારખંડ, છત્તીસગઢ, નાગાલેન્ડ

(B) પંજાબ, પશ્ચિમ બંગાળ, હિમાચલ પ્રદેશ, મધ્ય પ્રદેશ, ગોવા, મિઝોરામ

(C) અરૂણાચલ પ્રદેશ, ઓડિશા, હરિયાણા, રાજસ્થાન, કેરલ, સિક્કિમ

(D) આંધ્રપ્રદેશ, તેલંગણા, ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર, કર્ણાટક, બિહાર

82. લોકપાલ અને લોકાયુક્ત સંસ્થાઓની સ્થાપના માટે કઈ સમિતિએ ભલામણ કરી છે?

(A) આયોજન પંચ (Planning Commission)

(B) રાષ્ટ્રીય ન્યાયિક નિમણૂક આયોગ (National Judicial Appointments Commission)

(C) ભારતીય સ્પર્ધા પંચ (Competition Commission of India)

(D) વહીવટી સુધારણા પંચ (Administrative Reforms Commission)

83. ભારતના રાષ્ટ્રધ્વજની લંબાઈ અને ઊંચાઈ (પહોળાઈ)નો ગુણોત્તર કેટલો હોવો જોઈએ?

(A) 3:2

(B) 2:3

(C) 3:5

(D) 5:3

84. નીચેનામાંથી કઈ ઉચ્ચ અદાલત આંદામાન અને નિકોબાર ટાપુઓ પર પ્રાદેશિક અધિકારક્ષેત્ર ધરાવે છે?

(A) આંધ્ર પ્રદેશ

(B) કલકત્તા

(C) કેરલ

(D) ઓડિશા

85. ભારતીય બંધારણમાં હેબિયસ કોર્પસ રિટ જારી કરવાની સત્તા કોને આપવામાં આવી છે?

(A) જિલ્લા ન્યાયાધીશ

(B) રાજ્યપાલ

(C) પોલીસ કમિશ્નર

(D) સુપ્રિમ કોર્ટ અને હાઇ કોર્ટ્સ



PariksaPath · pariksapath.in

86. લોકસભાની બેઠકો યોજવા અંગે ભારતીય બંધારણમાં કયો નિયમ છે?

(A) દર વર્ષે ઓછામાં ઓછી બે વાર અને બે સત્રો વચ્ચે છ મહિનાથી વધુ અંતર નહીં હોવું જોઈએ

(B) દર વર્ષે ઓછામાં ઓછી બે વાર અને બે સત્રો વચ્ચે ચાર મહિનાથી વધુ અંતર નહીં હોવું જોઈએ

(C) દર વર્ષે ઓછામાં ઓછી ત્રણ વાર અને બે સત્રો વચ્ચે બે મહિનાથી વધુ અંતર નહીં હોવું જોઈએ

(D) દર વર્ષે ઓછામાં ઓછી ત્રણ વાર અને બે સત્રો વચ્ચે ત્રણ મહિનાથી વધુ અંતર નહીં હોવું જોઈએ

87. બજેટ અને નાણાકીય બાબતોમાં સંસદની પ્રક્રિયાઓ કયા આર્ટિકલ હેઠળ આવરી લેવામાં આવી છે?

(A) આર્ટિકલ 105 to 110

(B) આર્ટિકલ 112 to 117

(C) આર્ટિકલ 212 to 217

(D) આર્ટિકલ 228 to 233

88. નીચેનામાંથી કયું વિધાન સાચું નથી?

(A) ભારતીય બંધારણ એકીકૃત ન્યાયિક વ્યવસ્થાની જોગવાઈ કરે છે.

(B) ભારતના એટર્ની જનરલ ભારતની તમામ અદાલતોમાં હાજર થઈ દલીલો રજૂ કરી શકે છે.

(C) સુપ્રીમ કોર્ટને 'પરમ આદેશ' (મેન્ડેમસ) જારી કરવાનો બંધારણીય અધિકાર છે.

(D) લોકસભાના ઠરાવ દ્વારા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની નિમણૂક કરી શકાય છે.

89. લોકાયુક્ત પોતાનો અહેવાલ કોને સુપ્રત કરે છે?

(A) રાજ્યના મુખ્યમંત્રી

(B) રાજ્યના કાયદામંત્રી

(C) રાજ્યના રાજ્યપાલ

(D) રાજ્ય વિધાનસભાના અધ્યક્ષ

90. નીચેનામાંથી કયું બિલ ભારતીય સંસદના દરેક ગૃહ દ્વારા અલગથી, ખાસ બહુમતીથી પસાર થવું આવશ્યક છે?

(A) સામાન્ય બિલ

(B) નાણાં બિલ

(C) મહેસૂલ બિલ

(D) બંધારણ સુધારા બિલ



PariksaPath · pariksapath.in

91. નીચેનામાંથી કોણ બંધારણ સભાના બંધારણીય સલાહકાર હતા?

(A) ડી. પી. ખૈતાન

(B) કે. એમ. મુનશી

(C) સર બી. એન. રાવ

(D) આચાર્ય જે. બી. કિપલાણી

92. નીચેનામાંથી કઈ જોડી યોગ્ય રીતે મેળ ખાતી નથી?

(A) ભાષાઓ - આઠમી અનુસૂચિ

(B) પ્રતિજ્ઞાની શપથનાં સ્વરૂપો - બીજી અનુસૂચિ

(C) રાજ્યસભામાં બેઠકોની ફાળવણી - ચોથી અનુસૂચિ

(D) પક્ષપલટાના આધારે ગેરલાયક ઠેરવવા માટેની જોગવાઈઓ - દસમી અનુસૂચિ

93. નીચેનામાંથી કઈ સંસ્થા બંધારણ સ્થાપિત નથી?

(A) આંતર-રાજ્ય પરિષદ

(B) નીતિ આયોગ

(C) નાણાં પંચ

(D) સંઘ લોક સેવા આયોગ

94. ભારતમાં રાજ્યની સીમા નીચે પૈકીની કઈ આર્ટિકલમાં સૂચવાયેલી પ્રક્રિયા દ્વારા બદલી શકાય છે?

(A) આર્ટિકલ 356

(B) આર્ટિકલ 132

(C) આર્ટિકલ 70

(D) આર્ટિકલ 03

95. નીચેનામાંથી કોને ભારતમાં નાગરિકત્વના અધિકારનું નિયમન કરવાની સત્તા છે?

(A) રાજ્યપાલ

(B) સંસદ

(C) સુપ્રીમ કોર્ટ

(D) કાયદા પંચ

96. ડૉ. આંબેડકર દ્વારા નીચેનામાંથી કયા અધિકારને બંધારણનો 'હૃદય અને આત્મા' ગણાવ્યો હતો?

(A) સમાનતાનો અધિકાર (Right to equality)

(B) ગોપનીયતા માટેનો અધિકાર (Right to privacy)

(C) બંધારણીય ઉપાયોનો અધિકાર (Right to constitutional remedies)

(D) સ્વતંત્રતાનો અધિકાર (Right to liberty)



PariksaPath · pariksapath.in

97. ભારતનાં બંધારણમાં આર્ટિકલ 50માં શેનો ઉલ્લેખ છે?

(A) આંતરરાષ્ટ્રીય સ્તરે શાંતિ અને સદ્ભાવ માટે પ્રયાસ કરવો

(B) રાજ્યની જાહેર સેવાઓમાં ન્યાયતંત્રને કાર્યપાલિકાથી ભિન્ન કરવું

(C) રાજ્યએ બાળકો માટે મફત અને ફરજિયાત પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા કરવી

(D) સહકારી સંસ્થાઓને પ્રોત્સાહન આપવું

98. 42મા સુધારા અધિનિયમ, 1976 દ્વારા બંધારણમાં મૂળભૂત ફરજો કોની ભલામણો અનુસાર ઉમેરવામાં આવી છે?

(A) વિદ્યાચરણ શુક્લ સમિતિ

(B) આર. એસ. સરકારિયા સમિતિ

(C) સ્વરણ સિંહ સમિતિ

(D) સિધ્ધાર્થ શંકર રાય સમિતિ

99. કયા કેસમાં સુપ્રીમ કોર્ટે પહેલી વાર ચુકાદો આપ્યો કે બંધારણનાં મૂળભૂત માળખામાં સંસદ સુધારો કરી શકે નહીં?

(A) ઇન્દ્ર સહાની કેસ

(B) ગોલકનાથ કેસ

(C) કેશવાનંદ ભારતી કેસ

(D) મિનર્વા મિલ્સ કેસ

100. ભારતમાં રાજ્યની મંત્રી પરિષદના સભ્યોની મહત્તમ સંખ્યા કેટલી હોઈ શકે?

(A) વિધાનસભાની સભ્ય સંખ્યાના 10%

(B) વિધાનસભાની સભ્ય સંખ્યાના 15%

(C) વિધાનસભાની સભ્ય સંખ્યાના 12%

(D) વિધાનસભાની સભ્ય સંખ્યાના 17%



PariksaPath · pariksapath.in

101. ગુજરાતી ફિલ્મ 'રેવા' કઈ નવલકથા પર આધારિત છે?

(A) અમૃતા
(B) તત્વમસિ
(C) આંગળિયાત
(D) પ્રિયજન

102. વર્ષ 2024નો ભારતના રાષ્ટ્રપતિ દ્વારા એનાયત થતો જીવન રક્ષા પદક એવૉર્ડ ગુજરાતમાંથી કોને મળ્યો?

(A) મનીષાબેન અમરશીભાઈ માલવીયા
(B) મનીષાબેન અમરતભાઈ માલકીયા
(C) મનીષાબેન અમરશીભાઈ માલકીયા
(D) મનીષાબેન અમરતભાઈ માલવીયા

103. પૃથ્વીની ભિન્ન પ્રક્રિયાઓના નિરીક્ષણ માટે યુ.એસ. અને ભારતના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં કયો સેટેલાઇટ તૈયાર કરવામાં આવ્યો છે?

(A) NISAR
(B) NSIAR
(C) NAISR
(D) NISRA

104. 'વર્લ્ડ પેરા એથ્લેટિક્સ ગ્રાન્ડ પ્રિક્સ' (2025)-ની રમતની સ્પર્ધાઓ ક્યાં યોજાઈ હતી?

(A) મુંબઈ
(B) નવી દિલ્હી
(C) બેંગલુરૂ
(D) ચેન્નાઇ

105. ભારતના વર્ષ 2025ના પ્રજાસત્તાક દિવસની ઉજવણીના મુખ્ય મહેમાન કોણ હતા?

(A) મહાનુભાવશ્રી રામ ચંદ્ર પૌડેલ, પ્રમુખશ્રી, નેપાલ
(B) મહાનુભાવશ્રી બોંગબોંગ માર્કોસ, પ્રમુખશ્રી, ફિલિપાઇન્સ
(C) મહાનુભાવશ્રી રેસેપ તૈયપ એર્ડોગન, પ્રમુખશ્રી, તુર્કી
(D) મહાનુભાવશ્રી પ્રબોવો સુબિયાન્ટો, પ્રમુખશ્રી, ઇન્ડોનેશિયા

106. કયું રાજ્ય ભારતનો સૌથી લાંબો દરિયાકિનારો ધરાવે છે?

(A) ગુજરાત
(B) તામિલનાડુ
(C) કર્ણાટક
(D) આંધ્રપ્રદેશ



PariksaPath · pariksapath.in

107. નર્મદા મુખ્ય નહેર કેટલા કિ.મી. લાંબી છે?

(A) 588
(B) 458
(C) 548
(D) 485

108. નીચે પૈકી કયું ગુજરાતનાં માન્ય પ્રાણીસંગ્રહાલયોમાંનું એક નથી?

(A) સરથાણા નેચર પાર્ક, રાજકોટ
(B) સયાજી બાગ, વડોદરા
(C) ઇન્દ્રોડા નેચર પાર્ક, ગાંધીનગર
(D) કમલા નેહરૂ ઝુઓલોજિકલ ગાર્ડન, અમદાવાદ

109. નીચે પૈકી કયું ગુજરાતનું રાષ્ટ્રીય ઉદ્યાન નથી?

(A) ગીર નેશનલ પાર્ક
(B) બ્લેકબક નેશનલ પાર્ક
(C) માનસ નેશનલ પાર્ક
(D) વાંસદા નેશનલ પાર્ક

110. ગુજરાતમાં 'મેઘ મલ્હાર પર્વ' ક્યાં ઉજવાય છે?

(A) સાપુતારા
(B) ગિરનાર
(C) કચ્છ
(D) જૂનાગઢ

111. ચેસમાં પ્રથમ ભારતીય મહિલા ગ્રાન્ડમાસ્ટર (WGM) કોણ છે?

(A) પદ્મિની રાઉત
(B) વંતિકા અગ્રવાલ
(C) સુબ્બારામન વિજયાલક્ષ્મી
(D) દિવ્યા દેશમુખ

112. વિશ્વનું સૌથી જૂનું ચલણ કયું છે જે હાલમાં પણ ઉપયોગમાં છે?

(A) યેન
(B) બ્રિટિશ પાઉન્ડ
(C) રશિયન રૂબલ
(D) સ્વીસ ફ્રાન્ક



PariksaPath · pariksapath.in

113. 'પુસ્તકો વગરનો ઓરડો આત્મા વગરના શરીર જેવો છે'. આ વિધાન કોનું છે?

(A) માર્કસ સિસેરો
(B) પાઉલો કોએલો
(C) અબ્રાહમ લિંકન
(D) આઇનસ્ટાઇન

114. પ્રથમ વિશ્વયુધ્ધના અંતે પશ્ચિમી સાથી દેશો અને જર્મની વચ્ચે કઈ સંધિ થઈ હતી?

(A) વેસ્ટફેલિયાની સંધિ
(B) પેરિસની સંધિ
(C) વિયેના સંધિ
(D) વર્સેલ્સની સંધિ

115. 16મી થી 19મી સદી દરમિયાન ગુલામ અને મજૂરો તરીકે અમેરિકા મોકલી દેવામાં આવતા આફ્રિકનોના સ્થળાતંરની ઘટનાને ઇતિહાસ કયા નામથી ઓળખે છે?

(A) ધ ટ્રાન્ઝીટ એટલાન્ટિક સ્લેવ ટ્રેડ
(B) ધ ટ્રુ એટલાન્ટિક સ્લેવ ટ્રેડ
(C) ધ ટ્રાન્સએટલાન્ટિક સ્લેવ ટ્રેડ
(D) ધ ટ્રાયોએટલાન્ટિક સ્લેવ ટ્રેડ

116. ભક્તિના અભ્યાસ માટે કોણે બૌદ્ધિક આધારો પૂરા પાડ્યા?

(A) રામાનુજ
(B) કુંતક
(C) મમ્મટ
(D) શંકુક

117. વાસ્કો દ ગામા લિસ્બનથી વ્હાણમાં પ્રથમ મુસાફરી માટે ક્યારે નીકળ્યા હતા?

(A) જૂન 08, 1497
(B) જુલાઈ 08, 1497
(C) ઑગષ્ટ 08, 1497
(D) સપ્ટેમ્બર 08, 1497

118. બ્રિટનની સંસદે ગવર્મેન્ટ ઓફ ઇન્ડિયા એક્ટ ક્યારે પસાર કરી ભારત પર સત્તા મેળવી?

(A) 01 ઑગષ્ટ, 1858
(B) 02 ઑગષ્ટ, 1856
(C) 01 ઑગષ્ટ, 1856
(D) 02 ઑગષ્ટ, 1858



PariksaPath · pariksapath.in

119. મંગળ પાંડેએ કયાં સ્થળની લશ્કરી છાવણી પર હુમલો કર્યો હતો?
(A) હલ્દિયા
(B) દુર્ગાપુર
(C) બૅરકપુર
(D) આસનસોલ

120. નીચે પૈકી કઈ ભારતની લેખન પ્રણાલિ નથી?
(A) સુશ્રુત લિપિ
(B) સિંધુ ખીણની લિપિ
(C) બ્રાહ્મી લિપિ
(D) ખરોષ્ઠી લિપિ

121. નીચેનામાંથી કયા મહાનુભાવોએ ભારતના ઉપરાષ્ટ્રપતિનું પદ પણ સંભાળ્યું છે?
1. ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન
2. ડૉ. શંકર દયાલ શર્મા
3. શ્રી ગ્યાની ઝૈલ સિંઘ
4. ડૉ. રાજેન્દ્ર પ્રસાદ
(A) 3 અને 4
(B) 2 અને 1
(C) 3
(D) 4

122. સંસદના બેમાંથી કોઈ એક ગૃહના સભ્ય, બંધારણના આર્ટિકલ 102 ખંડ (1) અને આર્ટિકલ 103 મુજબ સભ્યપદની ગેરલાયકાતો પૈકી કોઈપણ ગેરલાયકાતને અધીન બન્યા છે કે કેમ એ અંગે રાષ્ટ્રપતિ નિર્ણય લે તે પહેલાં તેઓ કોનો અભિપ્રાય મેળવી શકે?
(A) લોકસભાના સ્પીકર
(B) એટર્ની જનરલ
(C) સર્વોચ્ચ અદાલતના મુખ્ય ન્યાયાધીશ
(D) ઉપર પૈકી એક પણ નહીં

123. બંધારણમાં સૂચિત ન હોય એવી કોઈપણ આકસ્મિક સ્થિતિમાં રાજ્યપાલનાં કાર્યોનાં નિર્વહણ માટે જોગવાઈ કરવાની સત્તા કોની પાસે છે?
(A) મુખ્યમંત્રી
(B) રાષ્ટ્રપતિ
(C) સંસદ
(D) રાજ્યની વિધાનસભા



PariksaPath · pariksapath.in

124. ભારતનાં બંધારણની 7મી અનુસૂચિમાં નીચેનામાંથી કયો વિષય સંઘની યાદીમાં છે?

(A) તેલક્ષેત્રો અને ખનિજ તેલસંપત્તિનું નિયમન

(B) ગેસ અને ગેસનાં કારખાનાં

(C) મત્સ્યક્ષેત્રો

(D) જાહેર આરોગ્ય

125. ભારત સરકારનો અધિનિયમ 1919 શેના પર આધારિત હતો?

(A) મોર્લી-મિન્ટો સુધારાઓ

(B) ગોસ્વામી સમિતિ રિપોર્ટ

(C) મોન્ટેગ્યુ ચેમ્સફોર્ડ રિપોર્ટ

(D) લોર્ડ ઇરવિન સુધારાઓ

126. કયા શહેરોની જૂના ડાંગર બજાર વિસ્તારમાં સ્થિત ગંગશ્યામજીના મંદિરમાં વૈશાખ શુક્લ ચતુર્દશીના અવસરે મલૂકા મેળો આયોજિત થાય છે?

(A) જયપુર

(B) ઉદયપુર

(C) જોધપુર

(D) જૈસલમેર

127. એક મોહક ફૂલ જે 12 વર્ષમાં ફક્ત એક જ વાર ખીલે છે તેનો નીલ કુરિંજી ઉત્સવ ક્યાં ઉજવાય છે?

(A) રામેશ્વરમ

(B) વેલ્લોર

(C) મદુરાઈ

(D) કોડાઈકેનાલ

128. કૃતિ સંપદા – શું છે?

(A) હસ્તપ્રતોનો રાષ્ટ્રીય ડેટાબેઝ

(B) લોકકલાઓનો રાષ્ટ્રીય ડેટાબેઝ

(C) સંસ્કૃત પ્રશિષ્ટ કૃતિઓનો રાષ્ટ્રીય ડેટાબેઝ

(D) બિનભારતીય ભાષાઓની કૃતિઓનો રાષ્ટ્રીય ડેટાબેઝ



PariksaPath · pariksapath.in

129. OPAC – એટલે શું?

(A) Offline People Access Catalogue (ઑફલાઇન પીપલ ઍક્સેસ કેટલૉગ)

(B) Online Public Access Catalogue (ઑનલાઇન પબ્લિક ઍક્સેસ કેટલૉગ)

(C) Only Public Access Catalogue (ઑન્લી પબ્લિક ઍક્સેસ કેટલૉગ)

(D) One People Access Catalogue (વન પીપલ ઍક્સેસ કેટલૉગ)

130. કયા રાજ્યના જંડિયાલા ગુરુના થાથેરાઓમાં વાસણો બનાવવાની પરંપરાગત પિત્તળ અને તાંબાની કારીગરી વિશ્વવિખ્યાત છે?

(A) ઉત્તરપ્રદેશ (B) રાજસ્થાન

(C) પંજાબ (D) મધ્યપ્રદેશ

131. કયા ન્યાયાધીશે જાહેર હિતના દાવાઓ કોર્ટમાં દાખલ કરવાનું શરૂ કર્યું?

(A) શ્રી ભુવનેશ્વર પ્રસાદ સિન્હા

(B) શ્રી મહેરચંદ મહાજન

(C) શ્રી પતંજલિ શાસ્ત્રી

(D) શ્રી પી. એન. ભગવતી

132. કયા પ્રકારની સમાનતા બંધારણના આર્ટિકલ 17માં પ્રસ્થાપિત થાય છે?

(A) આર્થિક સમાનતા (B) સામાજિક સમાનતા

(C) ધાર્મિક સમાનતા (D) રાજકીય સમાનતા

133. નીચેનામાંથી કયા મૂળભૂત અધિકારની બાંહેધરી ફક્ત ભારતના નાગરિકોને જ આપવામાં આવી છે, અને વિદેશીઓને નહીં?

(A) કાયદા સમક્ષ સમાનતા અને કાયદાનું સમાન રક્ષણ

(B) વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતા

(C) જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર

(D) ફરજિયાત મજૂરી સામે રક્ષણનો અધિકાર

134. ભારતીય બંધારણમાં 9મી અનુસૂચિ કયા સુધારાથી ઉમેરાઈ?

(A) પ્રથમ સુધારો (B) પંદરમો સુધારો

(C) દસમો સુધારો (D) બેત્તાળીસમો સુધારો



PariksaPath · pariksapath.in

135. ભારતનાં બંધારણમાં આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષા અંગેની જોગવાઈ ક્યાં સમાવિષ્ટ કરવામાં આવી છે?
(A) સંસદની સામાન્ય કાર્યરીતિ
(B) રાજ્યનીતિના માર્ગદર્શક સિધ્ધાંતો
(C) ન્યાયિક સમીક્ષાના સિધ્ધાંતો
(D) કાર્યપાલિકાની કાર્યપધ્ધતિ

136. પશ્ચિમ હિમાલય ક્ષેત્રમાં પરંપરાગત ઘર-નિર્માણની શૈલી કઈ છે?
(A) ગુથુ માને
(B) પુકુર દ્વીપ
(C) નાગારા
(D) કાઠ-કુની

137. ભારત ઘણા સમય પહેલા કયા વિશાળ ભૂમિભાગનો હિસ્સો હતું?
(A) બોંડવાના
(B) ગોંડવાના
(C) ખોંડવાના
(D) તોંડવાના

138. થાર રણનો વિસ્તાર કેટલા ચોરસ માઇલ છે?
(A) 77,000
(B) 87,000
(C) 97,000
(D) 1,07,000

139. ઓડિશાનું ચિલિકા તળાવ કયા જિલ્લામાં ફેલાયેલું નથી?
(A) પુરી
(B) ખુર્દા
(C) ગજાપતિ
(D) ગંજમ

140. ભારતના બંધારણની આઠમી અનુસૂચિમાં કેટલી ભાષાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે?
(A) 18
(B) 20
(C) 22
(D) 24

141. રોમન કેથોલિક ચર્ચના હાલના વડા પોપ લિઓ XIV-ની કઈ વિગત નોંધપાત્ર છે?
(A) પ્રથમ એશિયન પોપ
(B) પ્રથમ આફ્રિકન પોપ
(C) પ્રથમ અમેરિકન પોપ
(D) ઉપર પૈકી એક પણ નહીં



PariksaPath · pariksapath.in

142. ગુજરાત વન વિભાગ દ્વારા મે, 2025માં કોની વસ્તી ગણતરી કરવામાં આવી?

(A) એશિયાઈ ચિંકારા

(B) એશિયાઇ સિંહ

(C) નીલ ગાય

(D) રીંછ

143. યુનેસ્કોના 'મેમોરી ઓફ ધ વર્લ્ડ ઇન્ટરનેશનલ રજિસ્ટર, 2025'માં કયા બે ભારતીય ગ્રંથોને સામેલ કરવામાં આવ્યા છે?

(A) શ્રીમદ ભગવદ્ ગીતા અને નાટ્યશાસ્ત્ર

(B) શ્રીમદ ભગવદ્ ગીતા અને અર્થશાસ્ત્ર

(C) શ્રીમદ ભગવદ્ ગીતા અને અલંકારશાસ્ત્ર

(D) શ્રીમદ ભગવદ્ ગીતા અને મહાભારત

144. ગુજરાત સરકારને સ્પેસટેક નીતિ (2025-2030) તૈયાર કરવામાં કઈ સંસ્થાઓનો સહયોગ પ્રાપ્ત થયો છે?

(A) નીચે પૈકી એક પણ નહીં

(B) IN-SPACe અને ISACA

(C) ISRO અને ISACA

(D) ISRO અને IN-SPACe

145. વર્લ્ડ લીવર ડે - ક્યારે ઉજવાય છે?

(A) એપ્રિલ 18

(B) એપ્રિલ 19

(C) એપ્રિલ 20

(D) એપ્રિલ 21

146. ભારતમાં ટપાલસેવાને જાહેર જનતા માટે કોણે ખુલ્લી મૂકી?

(A) જેમ્સ બ્રુસ

(B) વિલિયમ બેન્ટિક

(C) ચાર્લ્સ કોર્નવોલિસ

(D) વોરન હેસ્ટિંગ્સ



PariksaPath · pariksapath.in

D

147. ભારતમાં ગવર્નર જનરલનું પદ કાયમી ધોરણે નાબૂદ થયું ત્યારે હોદ્દા પર કોણ હતા?

(A) ચક્રવર્તી રામગોપાલાચારી

(B) ચક્રવર્તી રાજગોપાલાચારી

(C) ચક્રવર્તી રવિગોપાલાચારી

(D) ચક્રવર્તી રોનીગોપાલાચારી

148. મલયાનિલની તત્કાલીન બોધદાયક કે ઉપદેશાત્મક વલણોથી મુક્ત ગુજરાતી ભાષાની નોંધપાત્ર ગણાતી વાર્તા કઈ છે?

(A) ખેમી

(B) જુમો અને ભિસ્તી

(C) ગોવાલણી

(D) મુકુંદરાય

149. નીચે પૈકી કયા મહિલા સાહિત્યકારને જ્ઞાનપીઠ પુરસ્કાર મળ્યો નથી?

(A) અનીતા દાસ

(B) પ્રતિભા રે

(C) ક્રિષ્ના સોબતી

(D) મહાશ્વેતા દેવી

150. રવીન્દ્રનાથ ટાગોરની કઈ નવલકથા ઓળખ, રાષ્ટ્રવાદ અને સામાજિક સુધારા વિશે છે?

(A) સંપત્તિ

(B) ગોરા

(C) ત્યાગ

(D) અપરિચિતા

151. સાહિત્ય અકાદમી, નવી દિલ્હી કયું સામયિક (હિન્દી) પ્રગટ કરે છે?

(A) સંપૂર્ણ ભારતીય સાહિત્ય

(B) સાંપ્રત ભારતીય સાહિત્ય

(C) સર્જનાત્મક ભારતીય સાહિત્ય

(D) સમકાલીન ભારતીય સાહિત્ય

152. વૈશાખ પૂર્ણિમાએ કયો ઉત્સવ ઉજવાય છે?

(A) નાળિયેરી પૂર્ણિમા

(B) ગુરૂ પૂર્ણિમા

(C) બુધ્ધ પૂર્ણિમા

(D) પોષી પૂર્ણિમા



PariksaPath · pariksapath.in

153. 77મા વાર્ષિક કાન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં કયા ભારતીય ફિલ્મ નિર્દેશકને પુરસ્કૃત કરવામાં આવ્યાં?
(A) પાયલ પારેખ
(B) પાયલ કાપડિયા
(C) પાયલ ભટ્ટ
(D) પાયલ પટેલ

154. ગીતાંજલિ શ્રીને કયાં પુસ્તક માટે બુકર એવોર્ડ (ઇ.સ. 2022) દ્વારા સન્માનિત કરવામાં આવ્યાં?
(A) પાણી સમાધિ
(B) ફૂલ સમાધિ
(C) માટી સમાધિ
(D) રેત સમાધિ

155. કયા દેશની સંસ્થાને નોબેલ શાંતિ પુરસ્કાર (ઇ.સ. 2024) મળ્યો?
(A) જાપાન
(B) ન્યુઝીલેન્ડ
(C) ઓસ્ટ્રેલિયા
(D) ચીન

156. સાબરમતી નદીનો આરંભ ક્યાંથી થાય છે?
(A) લેક પિચોલા તળાવ, રાજસ્થાન
(B) ફતેહસાગર તળાવ, રાજસ્થાન
(C) ઢેબર તળાવ, રાજસ્થાન
(D) માવઠા તળાવ, રાજસ્થાન

157. ગુજરાતમાંથી શું પસાર થાય છે?
(A) નીચે પૈકી એક પણ નહીં
(B) મકરવૃત્ત
(C) વિષુવવૃત્ત
(D) કર્કવૃત્ત

158. ગુજરાતનાં કયાં ગામમાં મીઠાનું મોટાં પ્રમાણમાં ઉત્પાદન થાય છે?
(A) ખારાઘોડા
(B) સણસેજ
(C) ખરવાડા
(D) સુંવાલા



PariksaPath · pariksapath.in

159. ગુજરાત રાજ્યનો વિસ્તાર કેટલા ચોરસ કિ.મી. છે?
(A) 3,42,239
(B) 1,96,024
(C) 3,08,000
(D) 3,08,209

160. નીચે પૈકી કઈ નદી ગીર સોમનાથમાં આવેલા ત્રિવેણી સંગમની નથી?
(A) સરસ્વતી
(B) કપિલા
(C) હિરણ
(D) રંગમતી

161. સફરજનનું વૈજ્ઞાનિક નામ શું છે?
(A) વિટિસ
(B) મુસા એક્યુમિનેટ
(C) માલુસ ડોમેસ્ટીકા
(D) મનિલકારા ઝાપોટા

162. નીચે પૈકી કયો વિકલ્પ મૂળ શાકભાજી (root vegetable) નથી?
(A) દૂધી
(B) મૂળો
(C) બીટ
(D) ગાજર

163. કયા લોહીજૂથના રક્તદાતાઓને 'યુનિવર્સલ ડોનર્સ' કહેવામાં આવે છે?
(A) (એબી) નેગેટીવ
(B) (બી) નેગેટીવ
(C) (એ) નેગેટીવ
(D) (ઓ) નેગેટીવ

164. સૌથી ઓછી વયના નોબેલ ભૌતિકવિજ્ઞાની કોણ છે?
(A) જ્યોફ્રી હિન્ટન
(B) જ્હોન ક્લોઝર
(C) લોરેન્સ બ્રેગ
(D) એન્ડ્રીયા ગેઝ

165. કયાં તત્વનું રાસાયણિક નામ 'Br' છે?
(A) બ્રોમાઇન
(B) બોરોન
(C) બિસ્મથ
(D) બેરિયમ



PariksaPath · pariksapath.in

166. 2011ની વસ્તી ગણતરીના કામચલાઉ પરિણામો અનુસાર દેશમાં સાક્ષરતા દર કેટલો છે?

(A) 64.04%
(B) 74.04%
(C) 84.04%
(D) 54.04%

167. દક્ષિણ ભારતનો ભૂપ્રદેશ કયા ઉચ્ચપ્રદેશ પર છે?

(A) ડેક્કન
(B) બઘેલખંડ
(C) મારવાર
(D) છોટા નાગપુર

168. નીચે પૈકી કઈ દક્ષિણ ભારતીય ભાષા નથી?

(A) તેલુગુ
(B) તુલુ
(C) બોડો
(D) મલયાલમ

169. નીચે પૈકી કયું ગોવાનું શહેર નથી?

(A) પોંડા
(B) પંજીમ
(C) પણજી
(D) પન્હાલા

170. યુનેસ્કોના વિશ્વ વારસામાં મહારાષ્ટ્રનું નીચે પૈકી કયું સ્થળ નથી?

(A) ઇલોરાની ગુફાઓ
(B) વરાહ ગુફાઓ
(C) અજંતાની ગુફાઓ
(D) એલિફન્ટાની ગુફાઓ

171. 'ફાધર ઓફ મેડિસીન' કોને ગણવામાં આવે છે?

(A) સોક્રેટીસ
(B) હિપોક્રેટ્સ
(C) પ્લેટો
(D) લોન્જાઇનસ



PariksaPath · pariksapath.in

**D**

172. શેનું પ્રમાણ સપાટીઓ વચ્ચે લગાવવામાં આવતા સામાન્ય બળના પ્રમાણસર છે?

(A) વેગ

(B) ગરુત્વાકર્ષણ

(C) પરમાણુ બળ

(D) ઘર્ષણ

173. એટોમિક થીઅરીના પ્રણેતા કોણ છે?

(A) જોન્સ જેકબ બઝેલિઅસ

(B) હમ્ફ્રી ડેવી

(C) જ્હોન ડાલ્ટન

(D) એન્ટોઇન લોરેન્ટ લેવોઇસિયર

174. 'હોમો સેપિયન્સ' (Homo sapiens) એટલે શું?

(A) રોગ (B) મનુષ્ય

(C) ટાપુ (D) સંસ્કૃતિ

175. કુલોમ્બ (Coulomb) નિયમ કોની સાથે સંકળાયેલો છે?

(A) દબાણ

(B) અંતર

(C) ગતિ

(D) વિદ્યુત

176. ગુજરાતના કચ્છ ક્ષેત્રમાં 300 વર્ષથી વધુ સમયથી પ્રચલિત ચિત્રકળાનું પ્રાચીન સ્વરૂપ કયું છે?

(A) બંધેજ (B) રોગન

(C) પિછવાઇ (D) મધુબની

177. માધવપુર ઘેડના મેળા સાથે કોની લોકવાયકા સંકળાયેલી છે?

(A) કૃષ્ણ-ગોપી (B) કૃષ્ણ-મીરા

(C) કૃષ્ણ-રાધા (D) કૃષ્ણ-રુકિમણી



PariksaPath · pariksapath.in

178. 'બ્લુ ફ્લેગ બીચ' તરીકે કયા બીચને માન્યતા પ્રાપ્ત થઈ છે?

(A) શિવરાજપુર
(B) દાંડી
(C) માંડવી
(D) તીથલ

179. બાલાસિનોર તાલુકામાં ડાયનોસોર પાર્ક ક્યાં આવેલો છે?

(A) રાજપુર
(B) ખાંડીવાવ
(C) રૈયોલી
(D) રળીયાતા

180. દક્ષિણ ગુજરાતનું પ્રખ્યાત 'આતશ બહરામ અગ્નિ મંદિર' ક્યાં આવેલું છે?

(A) નાનકવાડા
(B) ફણસવાડા
(C) બિનવાડા
(D) ઉદવાડા

181. ASIMO કોણે વિકસાવ્યો?

(A) હ્યુન્ડાઇ
(B) હોન્ડા
(C) ટોયોટા
(D) નિશાન

182. હવાઈ અને કેલિફોર્નિયા વચ્ચે સ્થિત વિશ્વનો સૌથી મોટો સમુદ્રી પ્લાસ્ટિકનો સંગ્રહ કયા નામથી ઓળખાય છે?

(A) ગ્રેટ યુનિવર્સ ગાર્બેજ પેચ
(B) ગ્રેટ નોર્થ અમેરિકા ગાર્બેજ પેચ
(C) ગ્રેટ વર્લ્ડ ગાર્બેજ પેચ
(D) ગ્રેટ પેસિફિક ગાર્બેજ પેચ

183. સેલેનિયમમાંથી પ્રથમ સૌર કોષ કોણે બનાવ્યો?

(A) ચાર્લ્સ ફ્રીટ્સ
(B) લોર્ડ કેલ્વીન
(C) થોમસ યંગ
(D) એમિલી કાર્ટર



PariksaPath · pariksapath.in

184. ભારતમાં ટેકનોલોજી સંચાલિત આધુનિક, વ્યાપક અને પારદર્શક જમીન રેકર્ડ વ્યવસ્થાપન પ્રણાલિ પ્રાપ્ત કરવા માટેનું સાધન કયાં ટૂંકાં નામથી ઓળખાય છે?

(A) DILRPM

(B) DILRMP

(C) DLIRMP

(D) DILMRP

185. આબોહવા પરિવર્તન સાથે અનુકૂલન સાધવા અને પર્યાવરણીય દૃષ્ટિથી દેશના વિકાસને ટકાવી રાખવા માટે વર્ષ 2008માં રજૂ કરાયેલ યોજના કઈ છે?

(A) NPACC

(B) NACPC

(C) NACCP

(D) NAPCC

186. પ્રાચીન સિંધુ સભ્યતાની શોધ કયા સંશોધકે કરી?

(A) હોવર્ડ કાર્ટર

(B) જોન માર્શલ

(C) મેરી લીકે

(D) ડોનાલ્ડ જ્હોનસન

187. ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદની સ્થાપના કોણે કરી?

(A) રમણભાઈ નીલકંઠ

(B) કનૈયાલાલ મુનશી

(C) ગોવર્ધનરામ ત્રિપાઠી

(D) રણજિતરામ મહેતા

188. 'જૈન' નામ કયા સંસ્કૃત ક્રિયાપદથી પ્રેરિત છે?

(A) જી

(B) જૈ

(C) જ

(D) જ્ન

189. નીચે પૈકી કઈ બૌધ્ધ ધર્મની શાખા નથી?

(A) મહાયાન

(B) થરવાદ

(C) વજ્રયાન

(D) અહાયાન



PariksaPath · pariksapath.in

190. બ્રિટિશ ઇસ્ટ ઇન્ડિયા કંપનીએ ગુજરાતમાં પહેલું પગલું ક્યાં મૂક્યું?
(A) કચ્છ
(B) સૌરાષ્ટ્ર
(C) સુરત
(D) અમદાવાદ

191. કાપડ મંત્રાલય, ભારતના વાર્ષિક રીપોર્ટ 2023-24 મુજબ વિશ્વમાં કાપડ અને વસ્ત્રોની નિકાસમાં ભારત કયા ક્રમે છે?
(A) દસમા
(B) આઠમા
(C) છઠ્ઠા
(D) ચોથા

192. GWEC – એટલે શું?
(A) ગ્લોબલ વિન્ડ એનર્જી કાઉન્સિલ
(B) ગુજરાત વિન્ડ એનર્જી કમિટી
(C) ગ્લોબલ વિન્ડ ઓથોરિટી કમિટી
(D) ગુજરાત વિન્ડ ઓથોરિટી કાઉન્સિલ

193. પૃથ્વીની સપાટીથી શરૂ થતું વાતાવરણનું સ્તર કયું છે?
(A) થર્મોસ્ફિયર
(B) મેસોસ્ફિયર
(C) સ્ટ્રેટોસ્ફિયર
(D) ટ્રોપોસ્ફિયર

194. ભારતમાં કોલસા ખાણકામની શરૂઆત ક્યાંથી થઈ?
(A) હિમગીરી કોલફિલ્ડ
(B) રાણીગંજ કોલફિલ્ડ
(C) નેયવેલી કોલફિલ્ડ
(D) સોહાગપુર કોલફિલ્ડ

195. પૃથ્વી સિવાયના ગ્રહો પર જીવન શોધતા વૈજ્ઞાનિકોને શું કહેવામાં આવે છે?
(A) એસ્ટ્રોબાયોલોજિસ્ટ
(B) એસ્ટ્રોનોમર્સ
(C) એસ્ટ્રોફિઝિસિસ્ટ
(D) એસ્ટ્રોલોજિસ્ટ



PariksaPath · pariksapath.in

196. 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' નર્મદા નદીના કયા ટાપુ પર સ્થિત છે?

(A) સાઇ
(B) સાધુ
(C) સૂવી
(D) સાંગ

197. ઓગણીસમી સદીમાં સ્થાપિત 'બાર્ટન મ્યુઝિયમ એન્ડ લાઇબ્રેરી' ક્યાં આવેલી છે?

(A) રાજકોટ
(B) જામનગર
(C) ભાવનગર
(D) સુરેન્દ્રનગર

198. કયા વિસ્તારના વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિને જાળવવા માટે મે 1978માં જેસોર સ્લોથ બેર અભયારણ્યની સ્થાપના કરવામાં આવી હતી?

(A) અરવલ્લી
(B) ધીણોધર
(C) પારનેરા
(D) પાવાગઢ

199. વિદ્યાગૌરી નીલકંઠ અને શારદાબેન મહેતા - કયાં કારણસર સુવિખ્યાત છે?

(A) ગુજરાતની પ્રથમ તબીબ મહિલાઓ
(B) ગુજરાતની પ્રથમ સ્નાતક મહિલાઓ
(C) ગુજરાતની પ્રથમ વકીલ મહિલાઓ
(D) ગુજરાતની પ્રથમ કલાકાર મહિલાઓ

200. 'ભણકાર' કાવ્યસંગ્રહ કયા કવિનો છે?

(A) નરસિંહરાવ દિવેટિયા
(B) કાન્ત
(C) કલાપી
(D) બળવંતરાય ઠાકોર

---



PariksaPath · pariksapath.in